# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (33) અંક નં. 33૭ | ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૯, સોમવાર; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પાંચ અલગતાવાદીની સલામતી પાછી ખેંચાઈ

## સરકારી સુવિધા અને સુરક્ષા તરત પરત લેવાનો કઠોર આદેશ : પુલવામા હુમલા બાદ કટ્ટરપંથીઓ સામે પણ કાર્યવાહીની શરૂઆત : કટ્ટરપંથી લીડરોના ત્રાસવાદી સંગઠનો અને આઈએસઆઈ સાથે સંબંધ હોવાની શંકા



નવીદિલ્હી, તા. ૧૭

પુલવામામાં સીઆરપીએફના કાફલા ઉપર ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા એક પછી એક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. જમ્મુ કાશ્મીર વહીવટીતંત્ર અને કેન્દ્ર સરકાર તરફથી વધુ કેટલાક નિર્ણય આજે લેવામાં આવ્યા હતા જે આતંકવાદને રોકવામાં અસરકારક સાબિત થશે. આજે મોટા નિર્ણયના ભાગરુપે તમામ કટ્ટરપંથી અને અલગતાવાદી નેતાઓને આપવામાં આવેલી સુરક્ષા તાત્કાલિક ધોરણે પરત ખેંચવાનો નિર્ણય કરાયો હતો. જે અલગતાવાદી કટ્ટરપંથી નેતાઓને રાજ્યની સુરક્ષા અને અન્ય સુવિધા પરત ખેંચવામાં આવી છે તેમાં મિરવાઈઝ ઉંમર ફારુક, અબ્દુલ ગની ભટ્ટ, બિલાલ લોન, હાસીમ કુરૈશી અને શબ્બીર શાહનો સમાવેશ થાય છે. શુક્રવારના દિવસે તેમની શ્રીનગરની મુલાકાત બાદ ગૃહમંત્રી રાજનાથસિંહ તરફથી આ અંગેનો નિર્ણય લેવા સંકેત મળ્યા હતા. એવું પણ જાણવા મળ્યું છે કે, આક્રમક કાર્યવાહીની શરુઆત હજુ જારી રહી શકે છે. પાકિસ્તાન અને તેની જાસુસી સંસ્થા આઈએસઆઈ તરફથી ફંડ મેળવી રહેલા લોકોની સુરક્ષાની સમીક્ષા કરવા અગાઉ

● અનુસંધાન પાન-૭ પર

## સર્જિકલ સ્ટ્રાઈકના ડરથી એલઓસી નજીક પાકે ખાલી કરાવ્યા આતંકી અડ્ડા

નવીદિલ્હી, તા. ૧૭

પુલવામામાં સીઆરપીએફ કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ ભારતમાં આતંકવાદીઓ સામે કાર્યવાહી કરવા લોકોમાં પ્રચંડ માંગ છે ત્યારે પાકિસ્તાનમાં પણ દહેશત દેખાઈ રહી છે. પાકિસ્તાને દહેશત અને સલામતીના ભાગરુપે અંકુશરેખા પર લોંચપેડમાંથી આતંકવાદીઓને અન્યત્ર શિફ્ટ કરી લીધા હોવાના અહેવાલ મળ્યા છે. તમામ ત્રાસવાદીઓને અન્યત્ર ખસેડવાની પ્રક્રિયા ચાલી રહી છે. પાકિસ્તાનને એવી દહેશત સતાવી રહી છે કે, ભારત સરકાર શાંત રહેશે નહીં અને ભારતીય સશસ્ત્ર દળો જવાબી કાર્યવાહી કરી શકે છે. સીઆરપીએફ કાફલા ઉપર જૈશના હુમલા બાદ પાકિસ્તાની સેનાએ પહેલાથી જ પગલા લેવાની શરૂઆત કરી છે. સરહદ ઉપર હાલમાં કોઈપણ પ્રકારની તંગદિલી નથી પરંતુ સીઆરપીએફના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ બંને દેશોમાં જોરદાર પ્રતિક્રિયાઓ આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## હુમલાનો આદેશ મસુદ અઝહરે પાક હોસ્પિટલમાંથી આપ્યો હતો

નવીદિલ્હી, તા. ૧૭

પઠાણકોટ હુમલાના માસ્ટરમાઈન્ડ અને અન્ય અનેક હુમલામાં મુખ્ય ભૂમિકા ભજવનાર જૈશે મોહમ્મદના લીડર મસુદ અઝહરે પાકિસ્તાનની રાવલપિંડી સ્થિત આર્મી બેઝ હોસ્પિટલમાં બેસીને પોતાના હુમલાખોરોને પુલવામા હુમલાને અંજામ આપવા આદેશ કર્યો હતો. સીઆરપીએફના કાફલા ઉપર આત્મઘાતી હુમલો કરવા કહેવામાં આવ્યું હતું. અઝહરે એક વિડિયો જારી કરીને આ અંગેનો આદેશ કર્યો હતો. અઝહર છેલ્લા ચાર મહિનાથી આર્મી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેની સારવાર ચાલી રહી છે. મસુદ અઝહરને પુલવામા હુમલા માટે માસ્ટરમાઈન્ડ તરીકે ગણવામાં આવે છે. છેલ્લા ચાર મહિનાથી મસુદ અઝહરની સારવાર ચાલી રહી છે. તેની માંદગીના કારણે ભારત સામે ઉપયોગ કરવામાં આવતા જેહાદી સંગઠનોના પાકિસ્તાન પ્રાયોજિત છત્ર સંગઠન યુનાઈટેડ જેહાદ કાઉન્સિલની છેલ્લી છ

● અનુસંધાન પાન-૭ પર

## હુમલાનો માસ્ટરમાઈન્ડ ગાઝી કાશ્મીર ખીણમાં

### આઈઈડી બનાવવામાં નિષ્ણાત ગાઝી મસૂદનો સૌથી વિશ્વાસુ : સીઆરપીએફ કાફલામાં ઘુસી જઈ પ્રચંડ આત્મઘાતી હુમલો કરનારા આદિલ અહેમદ દારને ટ્રેનિંગ પણ ગાઝીએ આપી : ગાઝીને પકડવા વ્યાપક દરોડાઓ



નવીદિલ્હી, તા. ૧૭

જમ્મુ કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના કાફલા ઉપર કરવામાં આવેલા ભીષણ આત્મઘાતી હુમલામાં માસ્ટર માઈન્ડની ભૂમિકા અદા કરનાર કુખ્યાત ત્રાસવાદી અબ્દુલ રશીદ ગાઝી હાલમાં કાશ્મીર ખીણમાં જ છુપાયેલો હોવાના અહેવાલ મળી રહ્યા છે. તેમને પકડી પાડવા માટે વ્યાપક દરોડાની કામગીરી ચાલી રહી છે. સીઆરપીએફના કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદથી રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં દરોડા પાડવાની અને તપાસની કામગીરી જોરદારરીતે ચાલી રહી છે. મોટી સંખ્યામાં શખ્સોની અટકાયત પણ કરવામાં આવી છે જેમની પુછપરછ ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### મ્યુનિખ સંમેલનમાં પુલવામા મુદ્દો છવાયો

ભારતે મ્યુનિખ સંમેલન દરમિયાન અમેરિકા, જર્મની અને રશિયા સહિતના દેશો સાથે થયેલ દ્વિપક્ષીય બેઠકોમાં પુલવામા આતંકવાદી હુમલાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ ત્રણ દિવસીય સંમેલન રવિવારે પૂર્ણ થયું છે. ૫૫મા મ્યુનિખ સુરક્ષા સંમેલનમાં ભારતના ઉપ સુરક્ષા સલાહકાર પંકજ સરને ભાગ લીધો હતો.

### દિલ્હી હોટલ આગ કેસમાં એકની ધરપકડ

દિલ્હીના કરોલ બાગ સ્થિત હોટલ અર્પિત પેલેસના માલિકની ધરપકડ કરવામાં આવી છે. હોટલ માલિક રાકેશ ગોયલને એરપોર્ટ પરથી ઝડપી લેવાયો છે. ગત ૧૨મી ફેબ્રુઆરીના રોજ હોટલ અર્પિત પેલેસમાં લાગી હતી.

### કેજરી વાલ સરકારના ચાર વર્ષ પૂર્ણ

દિલ્હીની કેજરીવાલ સરકારને ચાર વર્ષ પૂર્ણ થયા છે. આ ચાર વર્ષ દરમિયાન કેજરીવાલ સરકાર અનેક વિવાદોમાં ઘેરાયેલી રહી. દિલ્હીના ઉપરાજયપાલ સાથેની તકરારથી લઈને ઉચ્ચ અધિકારીઓ સાથેની તકરાર તેમાં સામેલ છે. હાલમાં કેજરીવાલ સરકારે આગામી લોકસભા ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

### અન્ના હજારે પુનઃ બિમાર

પ્રસિધ્ધ સમાજસેવક અન્ના હજારેને પુનઃ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને અશકિત અને ચકકર આવવાની ફરિયાદ હતી. તાજેતરમાં લોકપાલ અને લોકાયુકતની નિયુકિત મામલે તેઓ ભૂખ હડતાલ પર બેઠા હતા.

## જે આગ તમારા દિલમાં છે એ જ મારા દિલમાં પણ છે : મોદી

### બિહારમાં 33000 કરોડની યોજનાઓની ભેંટ અપાઈ : મોદીના મંચ ઉપર પણ પુલવામા હુમલાની ગુંજ સાંભળવા મળી

બરોની, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિલાન્યાસ કર્યા હતા. મોદીએ 33000 કરોડ રૂપિયાથી વધુની



આજે બિહારમાં અનેક વિકાસ યોજનાઓના ઉદ્‌ઘાટન અને યોજનાઓની બિહારને ભેંટ આપી હતી. પુલવામા હુમલાનો ઉલ્લેખ મોદીએ કર્યો હતો. શહીદોને શ્રદ્ધાંજલિ આપતા મોદીએ આજે સતત ત્રીજા દિવસે પણ કહ્યું હતું કે, જે આગ સામાન્ય લોકોના દિલમાં છે તે જ આગ તેમના પોતાના દિલમાં પણ છે. પુલવામા હુમલાએ દરેકને હચમચાવી મુક્યા છે. મોદી જ્યારે બિહારના બરોની જિલ્લામાં વિકાસ યોજનાઓના શિલાન્યાસ માટે પહોંચ્યા ત્યારે તેની ગુંજ સાંભળવા મળી હતી. મોદીએ મંચથી શહીદ જવાનોને યાદ કર્યા હતા. શહીદોમાં સામેલ બિહારના જવાનોને

● અનુસંધાન પાન-૭ પર

## લોકસભા ચૂંટણી ન લડવા રજનીકાંતની ઘોષણા

### રજનીકાંતની જાહેરાતથી તમામ ચાહકોને આશ્ચર્ય : તમિળનાડુમાં પાણીની સમસ્યા સૌથી જટિલ છે જેથી જે પાર્ટી મામલાને ઉઠાવશે તેને મત અપાશે : સ્ટાર રજનીકાંત

ચેન્નાઈ, તા. ૧૭

ફિલ્મી દુનિયા બાદ રાજનીતિમાં એન્ટ્રી કરીને તમામને ચોંકાવી દેનાર સુપરસ્ટાર રજનીકાંતે આગામી લોકસભાની ચૂંટણીમાં નહીં ઉતરવાનો નિર્ણય કર્યો છે. રજનીકાંતે નિવેદન જારી કરીને કહ્યું છે કે, તેઓ અને તેમની પાર્ટી આગામી લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં

● અનુસંધાન પાન-૭ પર

## કુલભૂષણ જાધવના કેસમાં આજથી સુનાવણી શરૂ થશે

### કુલભૂષણને બચાવી લેવા ભારત આક્રમક બન્યું : આજે ભારતની રજૂઆત બાદ ૧૯મીએ પાકિસ્તાન દલીલ કરશે

નવી દિલ્હી, તા. ૧૭

આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (આઈસીજે)માં ભારતીય નાગરિક કુલભુષણ જાધવના મામલામાં આવતીકાલથી જાહેર સુનાવણી હાથ ધરવામાં આવશે. જેમાં ભારત અને પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રની ટોચની અદાલત સમક્ષ પોતપોતાની દલીલો રજૂ કરશે. બીજા વિશ્વ યુદ્ધ બાદ વિવાદોને ઉકેલવા આઈસીજેની રચના કરવામાં આવી હતી જેમાં જુદા જુદા દેશોના જટિલ વિવાદોને લઈ જવામાં આવ્યા બાદ ઉકેલવામાં આવે છે.

પાકિસ્તાની સેનાની કોર્ટે એપ્રિલ ૨૦૧૭માં જાસુસી અને આતંકવાદના આરોપો ઉપર ભારતીય નાગરિક જાધવને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ૪૮ વર્ષીય જાધવને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવ્યા બાદ ભારતીય સરકારે આની સામે રજૂઆત

● અનુસંધાન પાન-૭ પર








